# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 11-06-2024** **Midday : 2.30 to 2.35pm**

**Day: TUESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર બકુલા પરમાર વાંચે છે.

---

---------------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

## ASHWINI VAISHNAV

અશ્વિની વૈષ્ણવે આજે કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મઁત્રાલયનો કાર્યભાર સંભાળ્યો છે. આ પ્રસંગે પત્રકારો સાથેની વાતચીતમાં તેમણે કહ્યુ કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ વાળી સરકાર ગરીબોના ઉત્થાન માટે સમર્પિત છે. શ્રી વૈષ્ણવે ગઈકાલે ૩ કરોડ ગ્રામીણ અને શહેરી આવાસના નિર્માણના કેન્દ્રીય મંત્રીમંડળના નિર્ણય વિશે વાત કરતા કહ્યું કે સરકારના પ્રથમ દિવસે જ પહેલો નિર્ણય ગરીબોના સશક્તિકરણ માટે સમર્પિત રહ્યો. વધુમાં તેમણે માહિતી અને પ્રસારણ મંત્રી તરીકે સેવા કરવાની આ તક આપવા બદલ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનો આભાર માન્યો.

## Ministers take charge

કેન્દ્રના સંરક્ષણમંત્રી રાજનાથસિંહ, ગૃહ અને સહકારમંત્રી અમીત શાહ, આજે કાર્યભાર સંભાળતા પહેલા દિલ્હી રાષ્ટ્રીય પોલિસ સ્મારક પર વીરગતિ પામેલા પોલીસ કર્મચારીઓને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

વિદેશમંત્રી એસ.જયશંકર, આરોગ્ય અને પરિવાર કલ્યાણમંત્રી જે.પી.નડ્ડા, નાણામંત્રી નિર્મલા સીતારમણ સહીત અન્ય મંત્રીઓએ પણ આજે પોતાનો કાર્યભાર સંભાલી લીધો છે.

## SHAPATH

ગુજરાત વિધાનસભા પેટા ચૂંટણી 2024માં ચૂંટાયેલા ધારાસભ્યોએ આજે વિધાનસભામાં શપથ ગ્રહણ કર્યા હતા. વિધાનસભા અધ્યક્ષ શંકર ચૌધરીએ પાંચેય ધારાસભ્યોને પદ અને ગોપનિયતાના શપથ લેવડાવ્યા હતા. આ પ્રસંગે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ સહિત રાજ્ય મંત્રી મડળના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. અને નવ નિયુક્ત ધારાસભ્યોને અભિનંદન પાઠવ્યા હતા.

વિધાનસભા અધ્યક્ષના કાર્યાલયમાં યોજાયેલ શપથવિધિ સમારોહમાં વિજાપુરથી ચૂંટાયેલા ધારાસભ્ય ડૉ. સી.જે.ચાવડા, પોરબંદર બેઠકથી

અર્જુન મોઢવાડિયા, માણાવદરથી અરવિંદ લાડાણી, ખંભાતમાંથી ચિરાગ પટેલ અને વાઘોડિયા વિધાનસભા બેઠકથી ચૂંટાયેલા ધારાસભ્ય ધર્મેન્દ્રસિંહ વાઘેલાએ ધારાસભ્ય પદના શપથ ગ્રહણ કર્યા હતા.

## MAHISAGAR PASHU NA MOT

મહીસાગરના કડાણા, સંતરામપુર અને ખાનપુર તાલુકામાં ગાજવીજ સાથે વરસાદ થયો હતો. અને કડાણાના મોટા મીરાપુર ગામે વીજળી પડતા 2 પશુ ના મોત થયા હોવાના અહેવાલ છે. વધુ માહીતી આપે છે. અમારા મહીસાગરના પ્રતિનિધિ..

(બાઇટ-કૌશિક જોશી)

## DAMAN PREMONSOON

દાદરા નગર હવેલી જિલ્લા વહીવટી તંત્ર ચોમાસા દરમ્યાન વિકટ પરિસ્થિતિનો સામનો કરવા માટે સજ્જ છે. દાદરા નગર હવેલી આપત્તિ વ્યવસ્થાપન તંત્ર દ્વારા જિલ્લા કલેક્ટર કાર્યાલયમાં પૂર નિયંત્રણ કક્ષ શરૂ કરાયો છે. આ નિયંત્રણ કક્ષ ચોવીસ કલાક કામ કરશે. જેમાં દૈનિક વરસાદનું માપ, નજીકના ડેમમાંથી છોડાતા પાણીના પ્રમાણ ઉપર નજર રાખવામાં આવશે. સાથે જ ચોમાસા દરમિયાન ભારે વરસાદને કારણે ઉભી થતી આપાતકાલીન સ્થિતિને પહોંચી વળવા માટે વિવિધ વિભાગો સાથે સમન્વય કરવાનું કામ અહીંથી થશે.

## DWARKA CHARAS

દ્વારકાના દરિયાકાંઠેથી અંદાજે 42 લાખ રૂપિયાના નશીલા પદાર્થો મળી આવ્યા છે. સ્થાનિક મીઠાપુર પોલીસ દ્વારકાના રૂપેણ બંદરથી વિવિધ કાંઠા વિસ્તારોમાં આ અંગે વધુ તપાસ કરી રહી છે. આ પૂર્વે પણ અહીં નશીલા પદાર્થો મળી આવ્યા હોવાના અહેવાલ છે.

## UPSC _RAJKOT

યુનિયન પબ્લિક સર્વિસ કમિશન દ્વારા 16 જૂન, રવિવારના રોજ યુ.પી.એસ.સી. સિવીલ સર્વીસીસની પ્રિલિમીનરી પરીક્ષા, રાજકોટ જિલ્લાના ૧૨ કેન્દ્રો ખાતે યોજાશે. આ અંગે જિલ્લા પુરવઠા કચેરી, રાજકોટ ખાતે પરીક્ષાના દિવસ દરમિયાન કંટ્રોલરૂમ કાર્યરત રહેશે. વધુ માહિતી માટે ૦૨૮૧- ૨૪૭૬૮૯૧ પર સંપર્ક કરી શકાશે.

ઉમેદવારો પરીક્ષા શરૂ થયાના અડધા કલાક પહેલાં પરીક્ષા કેન્દ્ર પર ઈ-એડમીટ કાર્ડ સાથે પ્રવેશ મેળવી શકશે. ઉમેદવાર પરીક્ષા કેન્દ્રની અંદર ફક્ત ઇ-એડમીટ કાર્ડ, પેન, પેન્સીલ, ઓળખપત્ર અને પોતાના ફોટોગ્રાફ તેમજ ઇ-એડમીટ કાર્ડમાં જણાવેલ વસ્તુઓ જ લઇ જઇ શકે છે

## IMD GUJARAT

ગુજરાતમાં ભારે ગરમી બાદ રાહતના સમાચાર છે. છેલ્લા બે દિવસથી રાજ્યના વિવિધ ભાગોમાં વરસાદી માહોલની સ્થિતિ છે. દરમિયાન હવામાન વિભાગે આગામી સાત દિવસોમાં રાજ્યના ઘણાં ખરાં ભાગોમાં હળવોથી મધ્યમ વરસાદ પડવાની આગાહી કરી છે. બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, ગાંધીનગર, અરવલ્લી, ખેડા, અમદાવાદ, આણંદ, પંચમહાલ, મહિસાગર, દાહોદ, વડોદરા, છોટા ઉદેપુર, નર્મદા, ભરૂચ, સુરત, ડાંગ, તાપી, નવસારી, વલસાડ અને દમણ અને દાદરાનગર હવેલીમાં વરસાદ પડી શકે છે.

આ ઉપરાંત સૌરાષ્ટ્ર અને કચ્છના મોટાભાગના વિસ્તારોમાં ગાજવીજ સાથે ઝાપટાં પડી શકે છે. ગઈકાલથી રાજ્યના સરેરાશ તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રીનો ઘટાડો નોંધાયો છે. આજે રાજ્યમાં મહત્તમ તાપમાન કંડલામાં 43 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું.

## YOGA GOLD MEDAL

મહેસાણા જિલ્લાના કડીની પૂજા પટેલે ઇન્ડિયન હઠ યોગ ફેડરેશન દ્વારા આયોજીત યોગાસન સ્પર્ધામાં બે સુવર્ણચંદ્રક જીત્યા છે. સુરત ખાતે યોજાયેલી યોગાસન સ્પર્ધામાં રાજયભરના ઉમેદવારોએ ભાગ લીધો હતો. જેમાં પૂજા પટેલે મહેસાણા જિલ્લાનું પ્રતિનિધિત્વ કર્યું હતું. પૂજાએ સૌથી વધુ આસન કરીને 'મિસ યોગીની ઑફ ગુજરાત' નું ટાઇટલ જીત્યું હતું. પૂજા પટેલ આગામી 8 જુલાઈના રોજ મુંબઈ ખાતે યોજાનાર રાષ્ટ્રીય સ્પર્ધામાં ગુજરાતનું પ્રતિનિધિત્વ કરશે.

## MAHESANA DUDH MANDLI

મહેસાણા જિલ્લા સહકારી સંઘના હોલ ખાતે દૂધ મંડળીઓ અને વિવિધ કાર્યકારી સહકારી મંડળીઓનો પરિસંવાદ યોજાયો હતો.. આ સેમિનારમાં સહકારી સંસ્થાઓના નાણા સહકારી સંસ્થાઓમાં જ રહે તેવા પ્રયાસો અને વ્યવસ્થા અંગે ચર્ચા કરાઈ હતી. મહેસાણા ડિસ્ટ્રીક બેન્કના ચેરમેને જણાવ્યું કે નવા સહકાર મંત્રાલય દ્વારા સહકારી પ્રવૃતિઓ અને મંડળીઓને મજબૂત અને પ્રગતિશીલ બનાવવાના પ્રયાસો થઈ રહ્યા છે. મહેસાણામાં 135 માઈક્રો એટીએમ અપાયા છે. અને 200 સહકારી મિત્રો બનાવાયા છે. જિલ્લાના એક લાખ 73 હજાર દૂધ ઉત્પાદકોને જિલ્લા બેંકોમાં ખાતા ખોલાવી આપવામાં આવ્યા છે.

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

......................................